# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/261 Dt. 23/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ફાઇટીંગ કેન્સર સ્માર્ટર' વિષે સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ફાઇટીંગ કેન્સર સ્માર્ટર' વિષય પર એમ્પાવરિંગ સેશન યોજાયું હતું, જેમાં કેન્સરના નિષ્ણાંત તબીબો ડો. પ્રસાદ કાસબેકર, ડો. ચિરાગ ભંસાલી તથા ડો. રિયાલ ગોવિસ દ્વારા કેન્સરની નવીન સારવાર પદ્ધતિઓ, આધુનિક મેડિકલ ઇનોવેશન્સ તથા સારવારની અગત્યતા પર પ્રકાશ પાડ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ સેશનનો મુખ્ય ઉદ્દેશ કેન્સર જેવી ગંભીર બીમારી સામે અદ્યતન સારવાર પદ્ધતિઓ, નવીન ટેકનોલોજી, સમયસર નિદાન અને દર્દીઓમાં આશા તથા હિંમત જાળવી રાખવાના વિષય પર જાગૃતિ ફેલાવવાનો હતો.

ડો. પ્રસાદ કાસબેકરે "How Technology is Changing the Game v From Early Detection to Precision Oncology" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના સમયમાં અદ્યતન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડિજિટલ ઇમેજિંગ તથા જિનોમિક ટેસ્ટિંગના કારણે કેન્સરનું વહેલું અને વધુ ચોક્કસ નિદાન શક્ય બન્યું છે. પ્રિસિઝન ઑન્કોલોજી પદ્ધતિ દ્વારા દર્દીના જિનેટિક પ્રોફાઇલ અને ટ્યુમરની રચના આધારે વ્યક્તિગત સારવાર આપવામાં આવી રહી છે, જેના પરિણામે સારવારની સફળતા

વધવા સાથે સાઇડ ઇફેક્ટ્સમાં ઘટાડો થયો છે. રોબોટિક સર્જરી, ટાર્ગેટેડ થેરાપી અને સતત મોનિટરિંગ જેવી આધુનિક સુવિધાઓથી કેન્સરની સારવાર વધુ સુરક્ષિત, અસરકારક અને દર્દી કેન્દ્રિત બની રહી છે.

ડો. ચિરાગ ભંસાલીએ "Healing Beyond the Cure - The Power of Reconstructive Surgery" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્સરની સારવાર બાદ દર્દીઓ માટે માત્ર રોગમુક્તિ જ નહીં પરંતુ શારીરિક, માનસિક અને સામાજિક પુનઃસ્થાપન પણ અત્યંત મહત્વપૂર્ણ છે. રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી દ્વારા કેન્સરની સારવારના પરિણામે થયેલા શારીરિક ફેરફારોને સુધારી દર્દીઓમાં આત્મવિશ્વાસ, સ્વાભિમાન અને જીવનની ગુણવત્તા ફરી સ્થાપિત કરી શકાય છે. આ પ્રકારની સર્જરી દર્દીઓને સામાન્ય જીવન તરફ પાછા ફરવામાં મદદરૂપ બને છે અને સંપૂર્ણ ઉપચાર સાથે સર્વાંગી હીલિંગનો માર્ગ મોકળો કરે છે.

ડો. રિયાલ ગોવિસે "Bringing One Back to Life - The Importance of Prosthetics" વિષય પર માહિતી આપતા જણાવ્યું હતું કે, કેન્સર અથવા અન્ય ગંભીર બીમારીઓના કારણે અંગ ગુમાવનાર દર્દીઓ માટે પ્રોસ્ટેટિક્સ માત્ર શારીરિક સહાય પૂરતી નથી, પરંતુ તેમને ફરીથી સ્વાવલંબન, આત્મવિશ્વાસ અને ગૌરવ સાથે જીવન જીવવાની ક્ષમતા આપે છે. અદ્યતન પ્રોસ્ટેટિક ટેકનોલોજીના કારણે દર્દીઓ દૈનિક કાર્યો સરળતાથી કરી શકે છે, કાર્યક્ષમતામાં વધારો થાય છે અને સામાજિક જીવનમાં ફરી સક્રિય ભાગીદારી શક્ય બને છે, જે દર્દીઓના સર્વાંગી પુનર્વસન અને જીવનમાં નવી આશા પ્રદાન કરે છે.

સેશન દરમિયાન નિષ્ણાંત તબીબો દ્વારા કેન્સર પ્રિવેન્શન, લાઇફસ્ટાઇલમાં ફેરફાર, નિયમિત હેલ્થ ચેકઅપ, તેમજ વહેલી તકે લક્ષણો ઓળખવાની અગત્યતા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને કામકાજમાં વ્યસ્ત ઉદ્યોગ સાહસિકો અને વ્યાવસાયિકોએ પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. સોનિયા ચંદાનીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સભ્યોએ નિષ્ણાંત તબીબો સાથે પ્રશ્નોત્તરી સત્રમાં ભાગ લીધો હતો, જેમાં નિષ્ણાંત તબીબો દ્વારા સભ્યોની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.